ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

**કેન્દ્રિય ગૃહમંત્રી શ્રીરાજનાથસિંહજી આવતીકાલે તારીખ, ૧૨ એપ્રિલે ગુજરાતના પ્રવાસે ગાંધીધામ, ભાવનગર અને બોટાદમાં જનસભા સંબોધશે.**

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણીના અનુસંધાને કચ્છ અને ભાવનગર લોકસભા ક્ષેત્રના ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં આવતીકાલે તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી ચૂંટણી પ્રચાર અંતર્ગત જાહેર સભાઓ સંબોધશે.

## કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨.૦૪.૨૦૧૯ શુક્રવાર | સવારે ૧૧.૦૦ કલાકે | કચ્છ લોકસભાની ગાંધીધામ વિધાનસભા - જાહેર સભા<br>સ્થળ - સિંધુ ભવન હોલ, ગાંધીધામ, જિ. કચ્છ. |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | ભાવનગર લોકસભા - જાહેર સભા<br>સ્થળ - યશવંતરાય નાટ્યગૃહ હોલ, ભાવનગર. |
| | સાંજે ૦૫.૩૦ કલાકે | ભાવનગર લોકસભાની બોટાદ વિધાનસભા - જાહેર સભા<br>સ્થળ - વી. પી. બંગલો પાસે, ભાવનગર રોડ, બોટાદ. |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૧.૦૪.૨૦૧૯

**સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર ડો. મહેન્દ્ર મુંજપરાના સમર્થનમાં યોજાયેલ માલધારી સમાજના સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિ**

-----------

**૨૦૧૪ પહેલાં ભારતને દુનિયાના દેશો એક ભ્રષ્ટ દેશ તરીકે જોતા હતાં. ૨૦૧૪ પછી વિશ્વના દેશો ભારત અને ભારતીયોને સન્માનથી જોતા થયા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના અથાગ પરિશ્રમના કારણે આજે ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતો દેશ બન્યો છે- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ અને મહાગઠબંધનના નેતાઓ દેશના ખૂણે ખૂણે જઇ મોદી હટાવો..... મોદી હટાવો..... ની બુમો પાડે છે, જ્યારે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગરીબી હટાવો, બેકારી હટાવો, ભ્રષ્ટાચાર હટાવોના સંકલ્પ સાથે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસે માત્ર વોટબેંકની રાજનીતી જ કરી છે. કોંગ્રેસે તેમના કુશાસન દરમ્યાન વિવિધ રાજ્યોમાં અનામતના નામે વિવિધ જાતિઓ વચ્ચે વર્ગવિગ્રહ કરાવીને આંદોલનો કરાવ્યાં છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર ડો. મહેન્દ્ર મુંજપરાના સમર્થનમાં માલધારી સમાજના સંમેલનને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ ચૂંટણી ઈમાનદાર સામે બેઇમાનોની છે. ૨૦૧૪ પહેલાં ભારતને દુનિયાના દેશો એક ભ્રષ્ટ દેશ તરીકે જોતા હતાં. ૨૦૧૪ પહેલાં ભારતને દુનિયાના દેશો એક ભ્રષ્ટ દેશ તરીકે જોતા હતાં. ૨૦૧૪ પછી વિશ્વના દેશો ભારત અને ભારતીયોને સન્માનથી જોતા થયા છે. પહેલાં વિદેશોમાં ભારત દેશ એક ગરીબ અને પછાત દેશ તરીકે ઓળખાતો હતો, પરંતુ આપણાં લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના અથાગ પરિશ્રમના કારણે આજે ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતો દેશ બન્યો છે. આના કારણે વિવિધ દેશોમાંથી ભારતમાં અઢળક મૂડી રોકાણ આવતું થયું છે, નવી ટેકનોલોજીથી વિવિધ ક્ષેત્રોમાં અસંખ્ય રોજગારીની તકો ઉભી થઇ છે.

હવે, દેશમાં જ્યારે ૨૦૧૯માં લોકતંત્રના મહાપર્વની ઉજવણી કરવાનો સમય આવી ગયો છે, ત્યારે કોંગ્રેસ અને મહાગઠબંધનના નેતાઓ દેશના ખૂણે ખૂણે જઇ મોદી હટાવો.... મોદી હટાવો......ની બુમો પાડે છે, ત્યારે

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




દેશના સપૂત શ્રી નરેન્દ્રભાઇ મોદી ગરીબી હટાવો, બેકારી હટાવો, ભ્રષ્ટાચાર હટાવોના સંકલ્પ સાથે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે.

કોંગ્રેસે હંમેશા પરિવારવાદને જ પોષ્યો છે. આતંકવાદને ખુલ્લું સમર્થન આપ્યું છે. દેશની જનતા સમક્ષ કોંગ્રેસે જુઠ્ઠા વાયદાઓ કરીને યેનકેન પ્રકારેણ સત્તાના સુત્રો સંભાળી ગરીબ, કિસાન, પિડીત, શોષિત, દલિત અને આદિવાસીઓનું શોષણ કર્યુ છે. કોંગ્રેસે માત્ર વોટબેંકની રાજનીતી જ કરી છે. કોંગ્રેસે તેમના કુશાસન દરમ્યાન વિવિધ રાજ્યોમાં અનામતના નામે વિવિધ જાતિઓ વચ્ચે વર્ગવિગ્રહ કરાવીને આંદોલનો કરાવ્યાં છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં કરેલ અવિરત વિકાસ જોઇને દેશમાં વડાપ્રધાન તરીકે તેઓની માંગ ઉઠવા પામી હતી. દેશની જનતાએ તેમને સંપૂર્ણ બહુમતી સાથે વિજયી બનાવીને દિલ્હીની ગાદી પર બેસાડ્યાં હતાં. સત્તાના સુત્રો સંભાળતાંની સાથે જ અગાઉની સરકારના કૌભાંડોને ઉજાગર કરી કૌભાંડી નેતાઓને જેલના દરવાજા સુધી લઇ ગયાં છે અને સાથે-સાથે ગુજરાત રાજ્યમાં તેઓની અવિરત વિકાસ યાત્રા જેમ જ દેશની વિકાસ યાત્રા પણ શરૂ કરી હતી.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ભારત દેશને સબળ, સુરક્ષાની દ્રષ્ટિએ સક્ષમ અને તમામ ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવા અને દેશના નાગરિકોના જીવનને સુવિધાયુક્ત બનાવવા અવિરત પ્રયાસો કરી રહ્યાં છે તેમજ દેશની જનતાના પૈસા કોઇ લૂંટી ન જાય તે માટે ચોકીદાર બની અડિખમ ઉભા રહ્યાં છે. જેઓ દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા, આતંકવાદનો ખાત્મો બોલાવવા માટે કામ કરી રહ્યાં હોય ત્યારે દેશની જનતા તેમના પર સંપૂર્ણ ભરોસો કરી ગુજરાતમાં ત્રીજા ચરણમાં યોજાનારી ચૂંટણીમાં ૨૬ માંથી ૨૬ કમળ આપશે તેવો શ્રી રૂપાણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ માલધારી સમાજના સંમેલનમાં સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર ડૉ. મહેન્દ્રભાઇ મુંજપરા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઇ.કે.જાડેજા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના પદાધીકારીઓ અને વિશાળ સંખ્યામાં માલધારી સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

## ભાજપા યુવા મોરચા દ્વારા
## ''શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ આપના દ્વારે''
## અનોખા કાર્યક્રમનું આયોજન

-----------

## ગાંધીનગર લોકસભામાં ઘાટલોડિયા વિધાનસભાના પ્રભાતચોક ખાતે શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહના માનવકદના કટઆઉટ સાથે અનોખી રીતે ડોર ટુ ડોર પ્રચાર હાથ ધરાયો.

-----------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદીમાં જણાવ્યાનુંસાર, આજરોજ પ્રદેશ ભાજપા યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર લોકસભામાં ઘાટલોડિયા વિસ્તારમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહના માનવકદના કટઆઉટ સાથે રાખી યુવા મોરચાના કાર્યકર્તાઓએ અનોખી રીતે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના જનજન સુધી પહોંચવાના લક્ષ્યને કેન્દ્રમાં રાખી ગાંધીનગર લોકસભાના લોકલાડીલા ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહના વિજયને જંગી બહુમતીથી સુનિશ્ચિત કરવા ''શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ આપના દ્વારે'' અનોખા કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

**"મોદી હૈ તો મુમકિન હૈ"** ના નારા વચ્ચે ગાંધીનગર લોકસભાના ભાજપાના લોકલાડીલા ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહને અભૂતપૂર્વ જીત અપાવવાના હેતુથી ભાજપા યુવા મોરચાના કાર્યકર્તાઓએ અનોખી રીતે જનસંપર્ક કર્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના માનવકદના કટઆઉટ સાથે હાથ ધરાયેલ આ લોકસંપર્ક યાત્રામાં સ્વયં શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ લોકસંપર્ક કરી રહ્યા હોય તેવો માહોલ ઉભો થયો હતો.

આ કાર્યક્રમ અન્વયે પદયાત્રા દ્વારા ભાજપા સરકારની જનકલ્યાણકારી યોજનાઓની પત્રિકાઓ તથા મૌખિક જાણકારી જનજન સુધી પહોંચે તે માટે પ્રયાસ આદર્યો હતો અને ભાજપાના વિજય થકી દેશના વિકાસને વેગવંતો બનાવવા નાગરિકોને આહ્વાન કર્યું હતું.

૨૩ એપ્રિલે દેશની એકતા, અંડિતતા અને સુરક્ષાને લક્ષ્યમાં રાખીને માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો વિજય ઐતિહાસિક બનાવવા જંગી મતદાન કરવા અપીલ કરી હતી.

આ ડોર ટુ ડોર કાર્યક્રમમાં ઘાટલોડિયા વિધાનસભાના ઘાટલોડિયા વોર્ડના પ્રભાતચોક વિસ્તાર ખાતે ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ઋત્વિજભાઈ પટેલ, મહાનગરના મહામંત્રી શ્રી કૌશિકભાઈ જૈન, સહકારી આગેવાનશ્રી બીપીનભાઈ પટેલ, વિધાનસભાના ઈન્ચાર્જશ્રી જતિનભાઈ પટેલ તથા કોર્પોરેટરશ્રીઓ અને ભાજપા શહેર પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, યુવા મોરચાના હોદ્દેદારો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૧૧.૦૪.૨૦૧૯

-----------

જેમની ઈચ્છાશક્તિ, કાર્યશક્તિ અને નિર્ણયશક્તિમાં હિંમત અને એકશન હોય તેને ‘૫૬’ ની છાતી કહેવાય. આટલો ગુજરાતી ભાવાર્થ કોંગ્રેસ સમજી શકતી નથી અને બુધ્ધિ વગરના તર્ક-કુતર્ક કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે કોંગ્રેસ અપમાનજનક અપશબ્દો બોલે તે ગુજરાતની જનતા માટે આઘાતજનક છે. - ભરત પંડયા

-----------

કોંગ્રેસ પાસે માત્ર “અપશબ્દોની ડિકશનરી” છે અને તેનો બેફામ ઉપયોગ કરે છે. - ભરત પંડયા

-----------

આ વખતે ઉરી અને પુલાવામાં બંને આતંકવાદી કૃત્યની સામે શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ દ્વારા ભારતીય સૈન્યએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે.

-----------

સર્જીકલ સ્ટ્રાઈક, એરસ્ટ્રાઈક કરીને આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો તે માટે દેશના સૈનિકોને બિરદાવીને અને જનતાને જણાવીને શ્રી મોદીજીએ લોકશાહી મુજબ “જવાબદેહી-સરકાર” તરીકે કામ કર્યું છે.

-----------

કોંગ્રેસના નેતા શ્રી અર્જૂન મોઢવાડિયા એ ગુજરાતના મણિશંકર ઐયર અને શ્રી દિગ્વિજયસિંહ છે.
- ભરત પંડયા

-----------

આગામી લોકસભામાં ગુજરાત અને દેશની જનતા કોંગ્રેસને ભૂંડી રીતે હરાવીને ભાજપને જીતાડશે. ગુજરાત ૨૬ લોકસભા ભાજપને ભવ્ય રીતે જીતાડીને ફરીથી ગુજરાતનાં સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવશે તેવો વિશ્વાસ છે. - ભરત પંડયા

-----------

ભાજપના પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતા શ્રી અર્જૂન મોઢવાડિયા એ ગુજરાતના મણિશંકર ઐયર અને શ્રી દિગ્વિજયસિંહ છે. કોંગ્રેસના બન્ને નેતાઓના વિવાદાસ્પદ નિવેદનોનું મિશ્રણ શ્રી અર્જૂનભાઈના નિવેદનોમાં બેફામ વાણી વિલાસ જોવા મળે છે.

શ્રી પંડયાએ કોંગ્રેસને તીવ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, જેમની ઈચ્છાશક્તિ, કાર્યશક્તિ અને નિર્ણયશક્તિમાં હિંમત અને એકશન હોય તેને ‘૫૬’ ની છાતી કહેવાય. આટલો ગુજરાતી ભાવાર્થ કોંગ્રેસ સમજી શકતી નથી અને બુધ્ધિ વગરના તર્ક-કુતર્ક કરીને પ્રાણી સાથે સરખાવી શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે કોંગ્રેસે અપમાનજનક અપશબ્દો બોલે છે તે ગુજરાતની જનતા માટે આઘાતજનક છે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓએ ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે અનેકવાર અપમાનજનક અને અશોભનીય અપશબ્દો વાપર્યા છે. તે નિંદનીય છે અમે તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. કોંગ્રેસ પાસે માત્ર “અપશબ્દોની ડિકશનરી” છે અને તેનો બેફામ ઉપયોગ કરે છે. કોંગ્રેસ અગાઉ પણ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



મોતના સોદાગરથી માંડીને ‘ચોકીદાર ચોર હૈ’ જેવાં અનેક અશોભનિય શબ્દો વાપરીને ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અપમાન કર્યુ છે. કોંગ્રેસના શ્રી રાહુલ ગાંધી આતંકવાદી ‘મસૂદ’ને ‘મસૂદજી’ કહે છે અને શ્રી દિગ્વિજયસિંહ ઓસામા બિન લાદેન ને ‘ઓસામાજી’ કહે છે. આમ કોંગ્રેસના નેતાઓ આતંકવાદીને ‘જી’ કહીને માન-સન્માનથી બોલાવે છે અને રાષ્ટ્રવાદી નેતા અને દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અપશબ્દો દ્વારા અપમાન કરે છે તેનાં કારણે ગુજરાતની જનતામાં કોંગ્રેસ સામે આક્રોશ છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, બાટલા હાઉસમાં આતંકવાદીઓના મૃત્યુ થાય ત્યારે શ્રીમતી સોનિયા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓને રાત્રે ઊંઘ નથી આવતી અને આંખમાં આસું આવી જાય છે, પરંતુ ૪૦ જવાનોના પુલવામાં શહીદ થયાં ત્યારે તેમનાં નિવેદનોમાં સંવેદના નહીં પણ દેશના સૈનિકોના પરાક્રમ પર શંકાઓ અને આરોપો પ્રગટ થાય છે.

પાકિસ્તાન પ્રેરીત આતંકવાદ મુદ્દે પાકિસ્તાન જવાબદાર છે તેમ કહીને સમગ્ર વિશ્વ ભારતની પડખે ઊભું રહ્યું ત્યારે કોંગ્રેસના નેતા આતંકવાદના હુમલામાં “પાકિસ્તાન જવાબદાર નથી” તેવું નિવેદન કર્યું. વિશ્વ જયારે ભારતની પડખે ઊભું રહ્યું ત્યારે દેશનો વિપક્ષ કોંગ્રેસ પાકિસ્તાનની સાથે રહ્યું તેની સામે જનતામાં આક્રોશ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે ચૂંટણીપંચમાં કરેલ કોંગ્રેસની ફરીયાદ સામે શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાની નિષ્ફળતા છૂપાવવા અને મિડીયામાં ચમકવા માટે આ ફરીયાદ કરી છે. ૨૦૦૮ના અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકા, અક્ષરધામ પરનો હુમલો અને મુંબઈમાં થયેલ બોમ્બ ધડાકામાં ૧૭૮ લોકોનાં મૃત્યુ થયેલ તે તમામ પાકિસ્તાન પ્રેરીત હતા, પરંતુ આતંકવાદી ઘટનાની સામે જે તે સમયે કેન્દ્રની કોંગ્રેસ સરકારે સહેજ પણ પ્રતિકાર કે જડબાતોડ જવાબ આપ્યો ન હતો. ત્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકાર માંયકાંગલી પૂરવાર થઈ હતી. જયારે આ વખતે ઉરી અને પુલાવામાં બંને આતંકવાદી કૃત્યની સામે શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ દ્વારા ભારતીય સૈન્યને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને સર્જીકલ સ્ટ્રાઈક, એરસ્ટ્રાઈક કરીને આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો તે માટે દેશના સૈનિકોને બિરદાવીને અને જનતાને જણાવીને શ્રી મોદીજીએ લોકશાહી મુજબ “જવાબદેહી-સરકાર” તરીકે કામ કર્યું છે. ૧૯૭૧માં શ્રીમતિ ઈન્દીરાજીને પણ લોકોએ બિરદાવ્યાં હતાં તેમ શ્રી નરેન્દ્રભાઈ મોદીને પણ વિશ્વ એ બિરદાવ્યાં છે, દેશની જનતાએ બિરદાવ્યાં છે. પરંતુ કોંગ્રેસ એરસ્ટ્રાઈકના પૂરાવા માંગીને સૈનિકોનું, દેશનું અપમાન કરી રહી છે. તેનો જવાબ આગામી લોકસભામાં ગુજરાત અને દેશની જનતા કોંગ્રેસને ભૂંડી રીતે હરાવીને અને ભાજપને જીતાડશે. ગુજરાત ૨૬ લોકસભા ભાજપને ભવ્ય રીતે જીતાડીને ફરીથી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવશે તેવો વિશ્વાસ છે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ